# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.

## (સરકયુલર જાહેરાત ક્રમાંક: ૧૯૮/૨૦૨૨-૨૩)

**<u>નર્સિંગ ટ્યુટર, વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને બઢતીથી ભરવા અંગેની જાહેરાત</u>**

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) તરફથી મળેલ માંગણાપત્રક અન્વયે હેડ નર્સ/સ્ટાફ નર્સ, વર્ગ-૩ માંથી નર્સિંગ ટ્યુટર, વર્ગ-૩ માં બઢતી માટે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને ભરવા માટે દરખાસ્ત કરેલ છે. નર્સિંગ ટ્યુટર વર્ગ-૩ સંવર્ગની ૩૯૯૦૦-૧૨૬૬૦૦ ( પે મેટ્રીક્ષ લેવલ - ૭) ના પગાર ધોરણ વાળી જગ્યાઓ પર ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે નિમણુંક આપવા સારૂ સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: GP/38/NSG/102014/SFS-50/E થી નિયત કરાયેલ પરીક્ષાના નિયમોની જોગવાઇ મુજબ નીચે દર્શાવેલ લાયકાત ધરાવતા હોય તેવા કર્મચારીઓ આ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા માટે લાયક ગણાશે.

"The staff Nurse, Class-III or Head nurse, class-III working in the subordinate service of the Commissionerate of Health, Medical services and Medical Education and Research, Gujarat state, who possess the requisite qualifications and experience for the promotion to post of Nursing tutor, class-III, in the subordinate service of the Commissionerate of Health, Medical services and Medical Education and Research, Gujarat state, under the relevant recruitment rules shall be eligible for admission of the examination".

૨. ઉપરોક્ત લાયકાત ધરાવતા કર્મચારી પાસેથી કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) દ્વારા કુલ-૮૭૩ ઉમેદવારોની અરજીઓ મેળવવામાં આવેલ છે, તથા જરૂરી અરજી ફી પોસ્ટલ ઓર્ડર દ્વારા મંડળ ખાતે જમા કરાવેલ છે. ઉકત સંવર્ગની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાની વિગતો નીચે મુજબ છે.

**<u>જા.ક્ર. ૧૯૮/૨૦૨૨૨૩, નર્સિંગ ટ્યુટર, વર્ગ -૩</u>**

| વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) | **૧૩૩** | ૧૦૪ | ૦૯ | ૨૦ | ૩૪ | 03 | ૦૬ |

3. સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉકત તા.૨૧/૦૬/૨૦૧૬, જાહેરનામાથી નિયત કરેલ પરીક્ષાના નિયમોની જોગવાઇ મુજબ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ/પરીક્ષા પધ્ધતિ નીચે મુજબ છે.

**Appendix I**

| PAPER | SYLLABUS | | MARKS |
|---|---|---|---|
| NURSING SUBJECT AND GENERAL KNOWLEDGE | 1 | Nursing Foundation | 07 |
| | 2 | Medical Surgical Nursing | 07 |
| | 3 | Mental Health Nursing | 07 |
| | 4 | Community Health Nursing | 07 |
| | 5 | Midwifery and Obstetrical Nursing | 06 |
| | 6 | Child Health Nursing | 06 |
| | 7 | Management of Nursing Education | 15 |
| | 8 | Management of Nursing Services | 10 |
| | 9 | Nursing Research and Statistics | 10 |
| | 10 | Communication and Education Technology | 15 |
| | 11 | General Knowledge | 10 |
| | TOTAL | | 100 |

**NOTE:**
1) The Objective type written test shall consist of Multiple Choice Questions (MCQ).
2) Duration of paper shall be one and a half hour (90 minutes) which shall contain 100 multiple choice questions.
3) The level of questions shall be of that B.Sc. Nursing Course.
4) Every question shall be of 1 mark.

(૧) પ્રશ્નપત્રમાં કુલ- ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન- ૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નના જવાબના આપવામાં આવેલ કુલ-૪ વિકલ્પો પૈકી આપે સાચો વિકલ્પ પસંદ કરીને તેના પર ઉપર વર્ણવ્યા મુજબ ઘૂંટીને દર્શાવવાનો રહેશે.

(૨) ઉકત જાહેરાત અન્વયે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાઓ ધ્યાને લઇ લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર મંડળ દ્વારા જે તે સમયે નિયત કરવામાં આવશે. પરંતુ તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે **૪૦ ટકા માર્કસ** કરતાં ઓછું લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. અને આમ, મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ લાયકી ગુણની વિગતો અને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

(૩) ઉક્ત સંવર્ગની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની સુચનાઓ, પરીક્ષાનો સમય અને તારીખ તથા કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મંડળની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામા આવશે, જેની સંબંધિત દરેક ઉમેદવારે જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળઃ ગાંધીનગર

તારીખઃ ૦૭/૦૭/૨૦૨૨

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર